# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 31-05-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુરેન્દ્રનગરમાં 696 કરોડ રૂપિયાના વિકાસ પ્રકલ્પોના ખાતમુહુર્ત-લોકાર્પણ કર્યા.
2. સરહદી જિલ્લા કચ્છ, બનાસકાંઠા, પાટણ સહિત રાજ્યના કેટલાક જિલ્લામાં "ઓપરેશન શિલ્ડ" મોકડ્રીલ યોજાઇ.
3. RTE હેઠળ પ્રવેશ પ્રક્રિયાના ત્રીજા રાઉન્ડ માટે ખાલી જગ્યા ધરાવતી શાળાઓની પુનઃ પસંદગીની તક અપાશે.
4. જામનગર અને દેવભૂમિ દ્વારકામાં ગેરકાયદેસર દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરાઇ
5. આજે વિશ્વ તમાકુ નિષેધ દિવસની ઉજવણી પ્રસંગે રાજ્યમાં લોકજાગૃતિના કાર્યક્રમો યોજાયા
6. આગામી સાત દિવસ દક્ષિણ ગુજરાત અને દક્ષિણ સૌરાષ્ટ્રમાં છુટાછવાયા વરસાદની આગાહી.

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

## CM - SURENDRANAGAR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે સુરેન્દ્રનગરમાં 696 કરોડ રૂપિયાથી વધુની કિંમતના 12 વિકાસ પ્રકલ્પોના ઇ-ખાતમુહુર્ત લોકાર્પણ કર્યા.

આ પ્રસંગે જનસભાને સંબોધતા મુખ્યમંત્રીએ કહ્યું કે એક સમયે સુરેન્દ્રનગર, ઝાલાવાડ અને સૌરાષ્ટ્ર પંથકમાં પાણીની સમસ્યા હતી પરંતુ સુઝલામ સુફલામ યોજના એ આ વિસ્તારની કાયાપલટ કરીને છેવાડાના વિસ્તારો સુધી પાણી પહોંચાડ્યું.

તેમણે વધુમાં કહ્યું કે મા નર્મદાના પાણીથી ઝાલાવાડની માતા-બહેનોનું જીવન સરળ બનશે. સૌની યોજના રાજ્યના જળ વ્યવસ્થાપન માટે ગેમ ચેન્જર સાબિત થઇ છે.

## (બાઇટ- ભૂપેન્દ્ર પટેલ, સીએમ)

આ પ્રસંગે  પાણી પુરવઠામંત્રી કુંવરજી બાવળીયાએ કહ્યું હતું કે આજનો દિવસ ઐતિહાસિક છે. આજે સુરેન્દ્રનગર જિલ્લાના પાણીવિહોણા 100 જેટલા ગામોમાં પાણી પહોંચાડવાની યોજનાનું ભૂમિપૂજન થયું છે, જેનાથી આ ગામને સિંચાઇ માટે પાણી મળશે.

----------------

## STATE MOCK DRILL

આજે કચ્છ, બનાસકાંઠા, પાટણ સહિતના કેટલાક જિલ્લામાં "ઓપરેશન શિલ્ડ" મોકડ્રીલ યોજાઇ. સાડા સાત વાગ્યા પછી રાજ્યના

કેટલાક જિલ્લામાં બ્લેક આઉટ ની કામગીરી હાથ ધરાશે. કચ્છ જિલ્લાના ભુજના સ્મૃતિવન મ્યૂઝિયમ અને મિલિટરી સ્ટેશન ખાતે મોકડ્રિલ યોજાઇ. ભુજ મિલિટરી સ્ટેશન ખાતે ડ્રોન હુમલા બાદ લોકોને સલામત સ્થળે ખસેડવા અંગે મોક ડ્રીલ યોજાઈ હતી. સમગ્ર કચ્છ જિલ્લામાં રાત્રે ૮:00 થી ૮:30 કલાક દરમિયાન બ્લેકઆઉટ કરાશે. દરમિયાન, પાટણ જિલ્લામાં વિવિધ 18 સ્થળોએ મોકડ્રીલ યોજાઇ. સાંભળીએ એક અહેવાલ..

(વોઇસ કાસ્ટ: રમેશ સોલંકી પાટણ )

દરમિયાન, બનાસકાંઠા જિલ્લામાં સાંજે ૫ કલાકે નડાબેટ ખાતે મોકડ્રીલ યોજાઇ. ગાંધીનગરમાં વાયુશક્તિ નગર, પાલજ રોડ ખાતે મોક ડ્રિલ યોજાઈ. જેમાં સંરક્ષણ અને અગ્નિશામક દળના જવાનો જોડાયા હતા.

અમદાવાદ શહેરમાં કેન્ટોનમેન્ટના સદર બજાર વિસ્તારમાં અને અમદાવાદ ગ્રામ્યમાં વિરમગામમાં પોલીસ લાઇન ખાતે પણ મોક ડ્રીલનું આયોજન કરાયું.

બીજીતરફ રાજકોટમાં સાંજે ૫.3૦ થી ૬.3૦ દરમિયાન માધાપર આઈ.ટી.આઈ. ખાતે સંરક્ષણ સ્વયં સેવક /NCCની તાલીમ યોજાઇ. જ્યારે સાંજે ૬.૪૫ થી ૭.૪૫ દરમિયાન માધાપર પ્રાથમિક શાળા ખાતે

એર એટેક મોક રિહર્સલ તથા માધાપર વિસ્તારમાં 8 થી 8.15 દરમિયાન બ્લેક આઉટ કરાશે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વાડીનાર ખાતે કોસ્ટગાર્ડ કોલોની ખાતે મોકડ્રીલ યોજાઈ. જેમાં નેવી મરિન કમાન્ડો સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓ જોડાયા હતા.

સુરેન્દ્રનગરના કલેકટર શ્રી કે.એસ.યાજ્ઞિકના માર્ગદર્શન હેઠળ ૩૦ મિનિટ ચાલેલી મોકડ્રીલમાં પોલીસ જવાનો, ૧૦૮ની ટીમ, મનપાના અધિકારીઓ, પીજીવીસીએલ, IOCLના અધિકારીઓ તથા સિવિલ ડિફેન્સના સ્ટાફ જોડાયા હતા.

જ્યારે વાવ-સુઈગામ વિસ્તારના તમામ ગામડાઓમાં સાંજે ૭.૪૫ થી ૮.૧૫ સુધી સાયરન વગાડીને બ્લેક આઉટ કરાશે. અહી બ્લેક આઉટનો સમય રાત્રિના ૭.૪૫થી ૮.૧૫નો રહેશે.

તાપી જિલ્લાના વડા મથક વ્યારા ખાતે રાત્રીના 8 થી 8.15 કલાક દરમ્યાન સ્વૈચ્છિક લાઈટો બંધ કરીને "બ્લેક આઉટ" કરી લોકોને સહકાર આપવા તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. આ અંગે વધુ માહિતી આપે પ્રાંત અધિકારી સંદિપ ગાયકવાડ.....

(બાઇટ- સંદીપ ગાયકવાડ, પ્રાંત અધિકારી)

----------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# RTE – THIRD ROUND

શિક્ષણનો અધિકાર - RTE હેઠળ પ્રવેશ પ્રક્રિયા 2025-26 ના ત્રીજા રાઉન્ડ માટે ખાલી જગ્યા ધરાવતી શાળાઓની પુનઃ પસંદગીની તક આપવામાં આવશે. જેમાં વિદ્યાર્થીઓને આરટીઇ હેઠળ પ્રવેશ પ્રક્રિયાના ત્રીજા રાઉન્ડ માટે ખાલી રહેલી 9 હજાર 157 ખાલી જગ્યાઓ પર પ્રવેશ આપી શકાશે. આગામી બીજી જૂન થી ચોથી જૂન સુધીમાં આરટીઈની વેબસાઇટ rte.orpgujarat.com પર જઇ વિદ્યાર્થીઓ શાળાઓની પુનઃ પસંદગી કરી શકશે.

જે વિદ્યાર્થીઓ શાળાઓની પુનઃપસંદગી કરવા ન માંગતા હોય તો તેઓ દ્વારા અગાઉ પસંદ કરેલ શાળાઓને માન્ય રાખી નિયમાનુસાર ત્રીજા રાઉન્ડની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

----------------

# DEMOLITION

જામનગર મહાનગરપાલિકા દ્વારા આજે સ્વામીનારાયણ નગરથી ગાંધીનગર સુધીના 12 મીટર રસ્તો પહોળો કરવા માટે ગેરકાયદેસર દબાણો દૂર કરવાની કામગીરી ચાલી રહી છે.

331 દબાણકારોને નોટીસ આપ્યા બાદ સાડ ત્રણ કિલોમીટર વિસ્તારના 4 લાખ 51 હજાર 854 ચોરસ મીટર જગ્યા ખુલ્લી કરવા માટે આ કામગીરી હાથ ધરવામાં આવી છે. આ અંગે જામનગર મહાનગરપાલિકાના એસ્ટેટ ઓફિસર એન.જે.દિક્ષિતે વધુ માહિતી આપી...

## (બાઇટ- એન.જે.દિક્ષિત, એસ્ટેટ ઓફિસર)

દેવભૂમિ દ્વારકાના ખંભાળીયામાં તેલી નદી પાસે સતત બીજા દિવસે પણ ગેરકાયદેસર દબાણો દૂર કરવાની કામગીરી ચાલી રહી છે.

----------------

## Somnath-Regional Stakeholder Workshop

સોમનાથ ખાતે રિજિયોનલ સ્ટેક હોલ્ડર વર્કશોપ યોજાયો હતો. જેમાં વિકસિત ભારત-2047ના પરિપેક્ષ્યમાં સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના જૂનાગઢ, સોમનાથ, પોરબંદર અને દ્વારકા જિલ્લાઓ રાજ્યના વિકાસમાં કેવી રીતે ઉપયોગી બની શકે તેની ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

ગીરસોમનાથ જિલ્લા કલેક્ટર એન.વી.ઉપાધ્યાયે જણાવ્યું હતું કે ગીર સોમનાથ જિલ્લો મત્સ્યોદ્યોગનું સૌથી મોટું કેન્દ્ર છે. વેરાવળમાં 100થી વધુ કોલ્ડ સ્ટોરેજ આવેલા છે. માછીમારી ઉદ્યોગમાં 97 હજારથી વધુ મહિલાઓ જોડાયેલી છે. જિલ્લાનો મત્સ્યોદ્યોગનો વેપાર સાત હજાર કરોડ રૂપિયાથી વધુ છે. આ વર્કશોપમાં ચારેય જિલ્લામાંથી ઉપસ્થિત વિવિધ વિભાગોના પદાધિકારીઓએ ક્ષેત્રીય આર્થિક વિકાસ માટે પોતાના વિચારો રજૂ કર્યા હતા.

----------------

## NO TOBACCO DAY

આજે ભારત સહિત સમગ્ર વિશ્વમાં વિશ્વ તમાકુ નિષેધ દિવસની ઉજવણી કરવામાં આવી રહી  છે. આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ

તમાકુની હાનિકારક અસરો વિશે જાગૃતિ ફેલાવવાનો છે. તમાકુ ફક્ત વ્યક્તિના શરીરને ખોખલો જ નથી કરતો, પરંતુ તે એક સુખી પરિવારનો પણ નાશ કરે છે. અમદાવાદ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા તમાકુ નિષેધ દિને વિવિધ જનજાગૃતિના કાર્યક્રમો યોજાયા હતા, અને લોકોને તમાકુથી થતા નુકશાન વિશે માહિતી આપવામાં આવી હતી. વડોદરામાં 'ફેથ ફાઉન્ડેશન' નામનું એક NGO પણ આ મિશનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે.

મહેસાણા જિલ્લા ટોબેકો કન્ટ્રોલ સેલ તેમજ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા વિશ્વ તમાકુ નિષેધ દિવસ નિમિત્તે એક રેલી યોજાઈ હતી.

અમરેલીમાં તમામ આરોગ્ય કેન્દ્ર, મેડિકલ કોલેજ, હોસ્પિટલ, જિલ્લા પંચાયત તેમજ આરોગ્ય વિભાગ દ્વારા વિશ્વ તમાકુ વિશેષ દિવસની ઉજવણી નિમિત્તે એક બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

નર્મદા જિલ્લાના રાજપીપલામાં વિશ્વ તમાકુ નિષેધ દિવસની ઉજવણીના ભાગરૂપે જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

----------------

## WEATHER

હવામાન વિભાગે આગામી સાત દિવસ દક્ષિણ ગુજરાત અને દક્ષિણ સૌરાષ્ટ્રમાં છુટાછવાયા વરસાદની આગાહી કરી છે.

અરબી સમુદ્રમાં ભેજના કારણે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં હળવા વરસાદી ઝાપટા પડશે.